# આત્મધર્મ

માસિક : વર્ષ-૭ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૧૩

## ૧૦૦મો જન્મ મહોત્સવ



મંગલકારી
જન્મ શતાબ્દી

વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર;
જ્ઞાતાનું તલ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✻ નારાયણ વા ઈન્દ્ર રુદ્ર અન્ય જ્ઞાની પુરુષ શ્રી તીર્થંકર પરમદેવ મુનીશ્વરોંકે સમૂહ તથા અન્ય ભી ભવ્યજીવ પરમ નિરંજનમેં મન રખકર સબ હી મોક્ષકો હી ધ્યાવતે હૈં. યહ મન વિષયકષાયોંમેં જો જાતા હૈ, ઉસકો પીછે લૌટાકર અપને સ્વરૂપમેં સ્થિર અર્થાત્ નિર્વાણકા સાધનેવાલા કરતે હૈં. ૧૩૬૭.

*(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિકાર-૨, ગાથા-૮)*

✻ હે ભવ્ય! પૂર્વકાળમાં એવા ઘણાય સત્પુરુષો થઈ ગયા છે કે જેમના વચનમાં સત્ય, બુદ્ધિમાં શાસ્ત્ર, હૃદયમાં દયા, ભૂજામાં શૌર્ય નિરંતર વસી રહ્યાં હતાં. વળી યાચક સમૂહને તૃપ્ત થતા સુધી અસ્ખલિતપણે જેઓ દાન વર્ષાવી રહ્યાં હતાં, તથા જેઓ કલ્યાણમાર્ગના સતત અનુગામી હતા અને એવા મહદ્ ગુણવાન હોવા છતાં તેમનામાં અહંકારનો લેશ પણ સંપર્ક નહોતો. એ મહાન પુરુષોની અપેક્ષા આ કળીકાળમાં જેમનામાં તેઓમાંનો લેશ પણ ગુણ નહીં હોવા છતાં પોતાને ગુણી મનાવી અતિ ઉદ્ધતાને પામી રહ્યા છે, એ આશ્ચર્ય છે! ૧૩૬૮.

*(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૨૧૮)*

✻ આચાર્ય મહારાજ યહાઁ ઉપદેશ કરતે હૈં કિ હે દુર્બુદ્ધિ આત્મા! ગુરુજનોંકી સાક્ષીપૂર્વક અર્થાત્ ગુરુજનોંકે નિકટ રહકર તૂ અપને વૈરાગ્યકો નિર્મલ કર ઔર સંસાર-દેહ-ભોગોંસે લેશમાત્ર ભી રાગ મત કર તથા ચિત્તરૂપી દૈત્ય (રાક્ષસ) જો કિ સ્વેચ્છાસે પ્રવર્તતા હૈ ઉસે વશમેં કર ઔર ઉત્કૃષ્ટ બુદ્ધિકો (વિવેકતાકો) અંગીકાર કર. ક્યોંકિ યે ગુણ ગુરુજનોંકી સેવા કરનેસે હી પ્રાપ્ત હોતે હૈં. ૧૩૬૯.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૧૫, શ્લોક-૩)*

✻ વિષયભોગોંકી પૂર્ણતા હોને પર ભી મહાન પુરુષોંકી લોલુપતા ઉનમેં નહીં હોતી હૈ. અન્ય મિથ્યાદૃષ્ટિ જીવોંકી ઉનમેં લોલુપતા હોતી હી હૈ, ઉસસે ઉન્હેં કિંચિત્ ભી શાંતિ નહીં મિલતી હૈ. ૧૩૭૦. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૩૫)

✻ જેમ ઘી સ્વભાવે શીતળતા ઉત્પન્ન કરનારું હોવા છતાં ગરમ ઘીથી દઝાય છે, તેમ ચારિત્ર સ્વભાવે મોક્ષ કરનારું હોવા છતાં સરાગ ચારિત્રથી બંધ થાય છે. જેમ ઠંડું ઘી શીતળતા ઉત્પન્ન કરે છે, તેમ વીતરાગ ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ૧૩૭૧. *(શ્રી પ્રવચનસાર, ગાથા-૧૧નો ભાવાર્થ)*

વર્ષ–૭
અંક–૧૨




સંવત
૨૦૬૯
August
A.D. 2013


**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મ શતાબ્દીના ઉપલક્ષ્યમાં**
**જિજ્ઞાસુઓને આત્મપ્રાપ્તિ માટે**

# મંગલ માર્ગદર્શન

## 卐 પહેલાં પોતાના માટે યોગ્યતા તૈયાર થાય છે. 卐

પહેલાં તેને પોતાની યોગ્યતા તૈયાર થાય છે. તે યોગ્યતા કહેવાય તો વ્યવહાર, તેને કાંઈ નિશ્ચય લાગુ ન પડે, છતાં પણ એવી એક જાતની યોગ્યતા તૈયાર થાય છે. જેમ ગુરુદેવ કહે છે ને? કે પહેલાં દેશનાલબ્ધિ થાય. ગુરુની વાણી સાંભળતાં તેને અંતરમાં એમ થાય કે ગુરુ કાંઈક જુદું જ તત્ત્વ કહે છે. એવી કંઈક અપૂર્વતા ભાસી જાય છે. ભલે તે શુભભાવ છે; પણ તેની સાથે કંઈક ઊંડપ આવી જાય છે. આ વિકલ્પથી પણ કંઈક જુદું તત્ત્વ ગુરુ કહેવા માગે છે એવી તેને અપૂર્વતા ભાસી જાય તો તેને દેશનાલબ્ધિ પ્રથમ થાય અથવા એવી જાતનો કોઈ અવગ્રહ—પક્કડ થઈ જાય કે આ બધાથી જુદું કોઈ આત્મતત્ત્વ છે. એવી જાતની અંતરમાંથી કોઈ ભાવના જાગી જાય છે.

તેવી રીતે ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના જાગે છે. આ બધુંય દેખાય છે ને આ બધા વિકલ્પો આવે છે—ભલે ગમે તેવા ઊંચામાં ઊંચા શુભભાવ આવે છે—તોપણ અંદર આત્મા બધાથી જુદો છે તે આત્મા અંદરમાં કંઈક અપૂર્વ વસ્તુ છે—એવી કંઈક અંતરમાંથી ભાવના સ્ફુરે તે ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના છે. આવે છે ને? કે—

"તત્પ્રતિ પ્રીતિ ચિત્તેન યેન વાર્તા પિ હિ શ્રુતા;
નિશ્ચિતં સ ભવેદ્ભવ્યો ભાવિનિર્વાણ ભાજનમ્."

**રત્ન દીપ રવિ દૂધ દહીં, ઘી પથ્થર ને હેમ;**
**સ્ફટિક રજત ને અગ્નિ નવ, જીવ જાણવો તેમ. ૫૭.** **—શ્રી યોગસાર**

ગુરુની વાણી સાંભળીને એમ થાય કે આ કંઈક અપૂર્વ છે. એ તેને ઉપર ઉપરથી ન લાગે, પણ અંતરમાંથી લાગી જાય કે વાણીમાં આમ કહેવા માંગે છે, વિકલ્પોથી પણ જુદું કોઈ તત્ત્વ કહેવા માગે છે. ભલે તે તત્ત્વ પકડાતું નથી; પણ એવું એને, વિકલ્પ છે તોપણ, ભાસ્યમાન થઈ જાય છે. કોઈ વસ્તુની અપેક્ષા વગર, એકલું નિરપેક્ષપણે એવી ભાવના સ્ફુરી જાય છે કે આ બધાથી જુદું કોઈ તત્ત્વ અંદર છે. આ ચૈતન્યમાંથી ઊગેલી ભાવના છે. તેને ગુરુનો ઉપદેશ સાંભળવાનો વિકલ્પ આવે છે, છતાં પણ કોઈ જાતની અપેક્ષા વિના એને એવી ભાવના સ્ફુરે છે કે બધાયથી રહિત એવું ચૈતન્ય તત્ત્વ મને પ્રગટ થાવ, તો તે પ્રગટ થયા વગર રહે જ નહિ. ભાવના એવી ઉગ્ર હોય તો પ્રગટ થાય જ. ૨.

## 卐 હું તો જાણનારો જ્ઞાયક છું. 卐

બહારમાં જે જ્ઞેયો જણાય છે તે હું નથી તેમ જ અંદરમાં જે વિકલ્પની ઘટમાળ ચાલે છે તે પણ હું નથી. તેનો હું જાણનાર છું—જ્ઞાયક છું. અંદરમાં એક પછી એક જે વિકલ્પ આવે છે તે તો ચાલ્યા જાય છે; પણ તેનો જાણનારો અંદરમાં હું પોતે છું. કેમ કે હું તો શાશ્વત છું, એક ક્ષણ પૂરતો નથી. તથા પરને જાણે તે હું નહિ, હું તો સ્વયં જાણનારો જ્ઞાયક છું. પરને જાણનારો તે હું નહિ, હું જાણનારો સ્વયં જ્ઞાયક છું. આ જે જણાય છે તે હું નથી, હું તો જાણનારો તેનાથી જુદો છું. આમ પહેલાં અભ્યાસ કરે, ત્યાર પછી દૃષ્ટિ થાય. દૃષ્ટિ દ્રવ્ય ઉપર રહેવી જોઈએ. પર્યાય એક પછી એક થાય, પરંતુ પર્યાય ઉપર દૃષ્ટિ ન કરતાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી જોઈએ કે હું તો જાણનારો જ્ઞાયક છું. ૩.

## 卐 હું જ્ઞાયક છું 卐

'હું જ્ઞાયક છું' એમ તો થઈ શકે છે. પહેલાં વિચારો આવે છે, પછી યથાર્થ થાય છે. કેટલા વખત પછી યથાર્થ થાય તે પોતાની ઉપર છે. ખરું યથાર્થપણું તો જ્યારે તેને ભેદજ્ઞાન થાય ત્યારે જ કહેવાય. તેની પહેલાં જે છે તે તો ભાવના છે, ખરું નથી. જેમ કે જ્યારે પ્રકાશ પ્રગટે ત્યારે જ પ્રકાશ કહેવાય ને જ્યાં સુધી અંધકાર છે ત્યાં સુધી અંધકાર જ કહેવાય. છતાં પોતે પ્રયત્ન કર્યા કરે છે, અભ્યાસ કરે છે તેથી પ્રકાશ પ્રગટ થાય છે. મારું ચૈતન્ય તત્ત્વ મને ક્યારે પ્રગટ થશે એમ તેને રહ્યા કરવું જોઈએ, પણ તેને એમ ન થાય કે ઠીક, જ્યારે થાય ત્યારે ખરું, એમ પ્રમાદ ન કરવો. મારે તો આ કાંઈ નથી જોઈતું, એક આત્મા જ જોઈએ છે એવી ભાવનાને તીવ્ર કરજે, ઉગ્ર કરજે. મૂંઝાઈશ નહિ, આકુળતા કરીશ નહિ. તે એવી

દેહાદિકને પર ગણે, જેમ શૂન્ય આકાશ;
તો પામે પરબ્રહ્મ ઝટ, કેવળ કરે પ્રકાશ. ૫૮. —શ્રી યોગસાર

આકુળતા ન કરે કે જેથી મૂંઝવણ થાય. તું ધીરજ રાખજે, પણ તેમાં પ્રમાદ ન કરીશ કે જ્યારે થવાનું હશે ત્યારે થશે. તું પુરુષાર્થ કરીશ ત્યારે થશે ને જેટલી તારી પુરુષાર્થની મંદતા હશે તેટલી વાર લાગશે. પરંતુ તેમાં આકુળતા ન કરીશ કે કેમ વાર લાગે છે? સ્વભાવને પ્રાપ્ત કરવાનો જે માર્ગ છે તે મળશે ત્યારે પ્રગટ થશે; પણ તે વિના નહિ પ્રગટે. માટે ધીરજ રાખજે. માર્ગની શોધખોળ કરતાં કરતાં તે પ્રગટ થશે જ. ૪.

## 卐 જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. 卐

દ્રવ્યનું આલંબન ગ્રહણ કરીને પ્રતીતિ થઈ છે, માટે તે છૂટતી નથી. પ્રતીતિ એકકોર પડી છે એમ નહીં, કાર્યરૂપ છે—જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. બહાર ગયેલી વિભાવની પરિણતિને ત્યાંથી પાછી વાળી લીનતારૂપે કાર્ય લાવે છે. આત્માની પ્રતીતિ ત્યારે જ કહેવાય કે જ્યારે આત્માની અંતરથી સમ્યગ્દર્શનરૂપે પ્રતીતિ આવે ને કાર્ય કરે. જે કાર્ય નથી કરતી તે પ્રતીતિ વિકલ્પરૂપે છે, યથાર્થ પ્રતીતિ નથી. સહજરૂપે કાર્ય લાવે તો જ યથાર્થ પ્રતીતિ છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને તે પરિણતિ તેમાં લીનતાનું પણ કાર્ય લાવે છે.

સમ્યગ્દર્શન થાય એટલે અવશ્ય તેને ચારિત્ર, વીતરાગદશા બધું આવવાનું જ છે. સમ્યગ્દર્શને કેવળજ્ઞાન સાથે ક્રીડા શરૂ કરી છે, કેવળજ્ઞાન સાથે રમત ચાલુ કરી છે, તેમ શાસ્ત્રોમાં આવે છે. કેવળજ્ઞાન સુધી પહોંચવા માટે થઈને લીલામાત્રમાં પોતાની પરિણતિને પોતા તરફ લાવે છે. ચારિત્રદશા ભલે કોઈને ક્રમે ક્રમે વધે ને કોઈને જલદી વધે; પણ કેવળજ્ઞાનની પરિણતિ પ્રગટ ન થાય ત્યાં સુધી તેની પુરુષાર્થની ધારા ચાલુ છે. પોતાના સ્વરૂપની દશા પ્રાપ્ત કરવા માટે પરિણતિ ચાલુ જ રહે છે. ૫.

## 卐 અંતરમાં પ્રયાસ કરવા 卐

ભેદજ્ઞાન નથી થયું તો, તે કેમ થાય? એ વિચારો કરવા, અંતરમાં પ્રયાસ કરવો. આત્મા કેમ ઓળખાય? આત્માનું શું સ્વરૂપ છે? દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે? પુદ્ગલ શું છે? વિભાવ શું છે? મોક્ષ શું છે? મોક્ષનો માર્ગ શું છે? એવા અનેક પ્રકારના વિચારો હોય છે.

શાસ્ત્રમાં અનેક પ્રકારની વાત આવે છે. ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી વિચારીને નક્કી કરે કે આત્મા જુદો છે ને શરીર જુદું છે, વિભાવ મારો સ્વભાવ નથી, હું તેનાથી જુદો છું, એમ નક્કી કરવા માટે, દ્રઢતા કરવા માટે ઘણું વિચારવાનું છે. પ્રયાસ કરે કે હું જુદો છું તો

**જેમ શુદ્ધ આકાશ છે, તેમ શુદ્ધ છે જીવ;**
**જડરૂપ જાણો વ્યોમને, ચૈતન્યલક્ષણ જીવ. ૫૯.** —**શ્રી યોગસાર**

જુદો કેવી રીતે પડું? તેની લગની લગાડે, પ્રયાસ કરે. જેમ માખણ જુદું ન પડે ત્યાં સુધી દહીંને વલોવ્યા કરે તેમ પોતે વાંચન, વિચાર વારંવાર કર્યા જ કરે, છોડે નહીં. કાર્ય થતું નથી માટે નહીં થાય કે માર્ગ બીજો હશે એમ શ્રદ્ધામાં ફેર પડવો ન જોઈએ. કરવાનું તો આ જ છે, માર્ગ આ જ છે. પ્રયાસ છોડે નહીં ને વારંવાર વારંવાર પ્રયાસ કર્યા કરે.

જેમ ભગવાનને દ્વારે ટહેલ માર્યા કરે, ભગવાનના દ્વાર ખૂલે નહીં ત્યાં સુધી ટહેલ મારવી છોડે નહીં તેમ હું જ્ઞાયક છું તે સમજાતું નથી માટે પ્રયાસ છોડી દે નહીં, એની લગની લગાડ્યા જ કરે, ભગવાનના—ચૈતન્યના દ્વારે ફર્યા જ કરે, ચૈતન્યદેવ કેવા હશે! તે વિચારો કર્યા કરે, મહિમા લાવે, અંતરમાં રસ લગાવે ને બહારના રસ છોડી દે. ટાઈમ મળે ત્યારે વારંવાર ભેદજ્ઞાનના વિચારો કર્યા કરે. અંદરનો રસ-રુચિ લાગે તો તેના (ભેદજ્ઞાનના) વિચારો આવે છે.

બહારથી બધું છોડી દે, ત્યાગ કરે એટલે અંતરમાં થઈ જાય એવું નથી. પ્રથમ બહારથી બધું છૂટી જતું નથી, અંતરમાંથી રસ-રુચિ લાગે ત્યારે થાય છે. વાંચન, વિચાર, મંથન, ઘોલન અને તેનો વારંવાર પ્રયાસ કર્યા કરવો. અંદરથી છૂટવું તે ખરું છૂટવું છે.

સમ્યગ્દર્શન થાય, ભેદજ્ઞાન થાય, સ્વાનુભૂતિ થાય અને અંતરની દશા વધે ત્યારે અંતરમાંથી બહારનો રસ ઓછો થઈ જાય છે અને બહારથી બધું છૂટી જાય છે. ૬.

## 卐 ધ્યેય તો એક આત્માનું જ રાખવું. 卐

ધ્યેય તો એક જ્ઞાયકનું જ હોવું જોઈએ. જ્ઞાયક કેમ ઓળખાય તે સમજવા માટે વિચારો આવે, દ્રવ્ય-ગુણ-પર્યાય શું છે? એવું અનેક જાતનું વિચારવાનું અંદર આવે; પરંતુ તેમાં જ્ઞાયક મુખ્ય હોવો જોઈએ. આત્માનું સ્વરૂપ કેવું છે? આત્મા કેમ ઓળખાય? આત્મા જુદો કેમ પડે? ભેદજ્ઞાન કેમ થાય? આત્માની પ્રતીતિ કેમ થાય; તે વિચારોમાં ધ્યેય એક આત્માનું હોવું જોઈએ, આત્માર્થે બધું હોવું જોઈએ. માત્ર જાણવા ખાતર જાણી લેવું એમ નહીં, આત્માને લાભ થાય એવા વિચારો હોય. હું જ્ઞાયક છું, પરદ્રવ્યરૂપ નથી વગેરે તે નક્કી કરવાના તેમ જ દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ ને ધર્મકથાના જ્ઞાનને લગતા એવા બધી જાતના વિચારો આવે; પણ નક્કી એક આત્માને કરવાનો છે. બધું જાણ્યું, પણ એક આત્માને ન જાણ્યો તો બધું જાણ્યું શું કામનું? બધું જાણવાની સાથે આત્મા મુખ્ય હોય તો તે પ્રયોજનભૂત—સારભૂત છે. ૭.

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર. ૬૦ —શ્રી યોગસાર

## 卐 પૂર્ણજ્ઞાન તો વિચાર કરીને નક્કી થાય. 卐

પૂર્ણજ્ઞાન તો વિચાર કરીને નક્કી થાય. તે જ્ઞાન પ્રગટ નથી, પણ શક્તિરૂપે છે. જાણનાર જે તત્ત્વ છે તે અનાદિથી છે. તે જાણનાર તત્ત્વ એવું હોવું જોઈએ કે તે પૂરું જાણે, અધૂરું જાણે નહીં. જેમ આ જડ તે કાંઈ જાણતું નથી, તેમાં જાણવાનો કોઈ અંશ નથી તેમ આ જાણનાર વસ્તુ છે તેમાં 'ન જાણવું' એમ ન આવે. જે જાણે તે પૂરું જાણે જ,–તેનામાં પૂરું જાણવાની શક્તિ હોય જ. પણ અત્યારે તે રાગ-દ્વેષ ભ્રાન્તિમાં રોકાઈ ગયો છે એટલે પૂરું જાણી શકતો નથી; છતાં પણ તેનો જ્ઞાનસ્વભાવ નાશ પામ્યો નથી. પર્યાયમાં જ્ઞાન અધૂરું-ઓછું થઈ ગયું છે, પરંતુ પૂરું જાણવાની તેનામાં શક્તિ છે. પોતે તેનો સ્વભાવ ઓળખીને, તત્ત્વ ઓળખીને નક્કી કરે કે પૂરું જાણવાનું કાર્ય અત્યારે નથી, પણ શક્તિ પૂરું જાણવાની છે. શક્તિને કોઈ આડખીલ-અટક ન હોય કે આટલું જાણે અને આટલું ન જાણે. પોતે પૂરેપૂરું જાણે, નહીં જાણવાનો ભાગ તેમાં ન આવે. જેમ જડમાં કોઈ જાણવાનો ભાગ નથી, તેમ જાણનારમાં કોઈ નહિ જાણવાનો ભાગ નથી, પૂરેપૂરું જાણે. આ વાત યથાર્થ છે કે નહિ તે યુક્તિથી નક્કી કરે તો થઈ શકે છે.

આખા લોકાલોકને એક સમયની અંદર ક્રમ પડ્યા વગર સહજ જાણે એવો તેનો સ્વભાવ છે. ૮.

## 卐 જિજ્ઞાસુને ભેદજ્ઞાનની સહજધારા નથી, હજી અભ્યાસ કરે છે. 卐

પોતાના પુરુષાર્થની મંદતા છે. અંતરમાંથી અનુપમ આનંદ જે આવવો જોઈએ તે વિકલ્પથી છૂટીને નિર્વિકલ્પ થાય ત્યારે આવે છે. તે આનંદ કોઈ વિકલ્પ સહિત દશામાં આવતો નથી. આ જે વિકલ્પમાં આનંદ આવે છે તથા જે દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા આવે છે, તે શુભભાવનો આનંદ છે. પણ જે વિકલ્પ છૂટીને આનંદ આવે તે નિર્વિકલ્પ અનુપમ આનંદ છે. વિકલ્પવાળી પર્યાયમાં તે આનંદ હોતો નથી. ચૈતન્યસ્વભાવ છે તેમાં પરિણમીને જે આનંદ આવે તે આનંદ કોઈ અનુપમ હોય છે. આનંદ નહિ પ્રગટ થવાનું કારણ પોતાના પુરુષાર્થની મંદતા છે. તેની પરિણતિ જે પર તરફ જાય છે તેને પોતે પાછી વાળતો નથી કારણ કે અનાદિનો અભ્યાસ છે, તેથી એમાં ને એમાં પરિણતિ દોડી જાય છે. જે રોકાયો છે તે પોતાની મંદતાને કારણે છે. રુચિની એવી ઉગ્રતા કરીને જે પુરુષાર્થ પોતા તરફ વાળવો જોઈએ તે વાળતો નથી. જે પુરુષાર્થ બહારમાં કામ કરે છે તેને પોતે પલટો કરાવતો નથી.

> તનવિરહિત ચૈતન્યતન, પુદ્‌ગલતન જડ જાણ;
> મિથ્યા મોહ દૂરે કરી, તન પણ મારું ન માન. ૬૧ —શ્રી યોગસાર

વિકલ્પમાં જે પુરુષાર્થ જાય છે તે પુરુષાર્થને પલટો કરાવીને, નિર્વિકલ્પતામાં પર્યાયને પોતે પલટાવતો નથી માટે તે આનંદ આવતો નથી. તે આનંદ અંદર ચૈતન્યમાં જાય તો જ તેમાંથી પ્રગટ થાય છે. વિકલ્પમાં ઊભાં ઊભાં તે આનંદ આવતો નથી.

સાધકને સવિકલ્પદશામાં ભેદજ્ઞાનની ધારા હોય તેથી અંશે શાંતિ હોય છે, પણ નિર્વિકલ્પતાનો આનંદ નિર્વિકલ્પદશામાં જ હોય છે. સમ્યગ્દ્રષ્ટિને ભેદજ્ઞાનની ધારા સહજ હોય છે. તેમાં અંશે શાંતિ–સમાધિ અને જ્ઞાયકની ધારા હોય છે, પણ અપૂર્વ આનંદ તો નિર્વિકલ્પદશામાં જ હોય છે.

જિજ્ઞાસુને ભેદજ્ઞાનની સહજધારા નથી, હજી અભ્યાસ કરે છે, એકત્વબુદ્ધિ છે. તે એકત્વને તોડે અને ભેદજ્ઞાનનો પ્રયાસ કરે તો થાય, પણ એકત્વ તોડવાનો પુરુષાર્થ કરતો નથી. જેટલી વિભાવ સાથે તેને ક્ષણે ક્ષણે એકત્વબુદ્ધિ થઈ રહી છે, તેમાં જેટલો પ્રયત્ન છે તેવી જાતની ઉગ્રતા, પુરુષાર્થ—જ્ઞાયકધારા ક્ષણે ક્ષણે પ્રગટ થાય તેવો પુરુષાર્થ—નથી. વિકલ્પ સાથેની એકત્વબુદ્ધિ તીવ્ર છે, અને તે દિવસ ને રાત સદાય છે. જ્યારે જ્ઞાયકનો અભ્યાસ કોઈવાર કરે તો તેને જ્ઞાયકની પરિણતિ ક્યાંથી થાય? જ્ઞાયકની પરિણતિ પહેલાં સહજ થવી જોઈએ, તો વિકલ્પ તૂટીને આનંદ થાય.

હું જ્ઞાયક છું એવો કોઈવાર અભ્યાસ કરે તે થોડીવાર કરે, પણ વિભાવનો અભ્યાસ તેને ચોવીસ કલાક ટકેલો છે. આત્માને પ્રાપ્ત કરવાનો તીવ્ર પુરુષાર્થ નથી કરતો એટલે નિર્વિકલ્પદશા થઈને જે આનંદ આવવો જોઈએ તે આવતો નથી. જીવનમાં વિકલ્પ સાથેનું એકત્વ વણાઈ ગયું છે અને ભેદજ્ઞાનનો અભ્યાસ માંડ માંડ કરે છે એટલે આનંદ આવતો નથી. ભાવના રહે, રુચિ રહે, મહિમા રહે પણ પુરુષાર્થની ધારા તે તરફ જાતી નથી એટલે થાતું નથી. ૯.

## 卐 વારંવાર જ્ઞાયકને ઓળખવાનો પ્રયત્ન કરવાનો છે. 卐

જ્ઞેય સાથે એકત્વબુદ્ધિ નહિ કરતાં, જ્ઞેય હું નથી પણ હું જ્ઞાયક છું, એમ વારંવાર જ્ઞાયકને ઓળખવાનો પ્રયત્ન કરવાનો છે. જ્ઞાયક છું, જાણનાર છું તેમ આવે તે ઠીક છે, પણ અંતરમાંથી ઓળખીને હું જ્ઞાયક છું એવી જેની પરિણતિ પ્રગટ થાય તે યથાર્થ છે. ક્ષણે ક્ષણે જે જે જ્ઞેયો જણાય છે, અંદરમાં જે વિભાવ પરિણતિ થઈ રહી છે અર્થાત્ વિભાવના જે જે ભાવો આવે છે તે કાળે હું જ્ઞાયક છું તેમ પરિણતિ અંદરમાંથી જો થાય તો તે બરાબર છે.

નિજને નિજથી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય?
પ્રગટે કેવલજ્ઞાન ને શાશ્વત સુખ પમાય. ૬૨. —શ્રી યોગસાર

તે ન થાય ત્યાં સુધી હું જ્ઞાયક છું એમ ભાવના—જિજ્ઞાસા કરે અને તેવા વિચારો કરે તે ઠીક છે. એકત્વબુદ્ધિ તોડવાની છે કે જ્ઞેયરૂપે હું નથી પણ હું જ્ઞાયક છું. જાણવાના કાળમાં હું કાંઈ જ્ઞેયરૂપે થતો નથી પણ હું જ્ઞાયક તો જ્ઞાયક જ છું. છતાં તેને ઓળખતો નથી ત્યાં સુધી પરિણતિ પ્રગટ થતી નથી. ૧૦.

##卐 તારો સ્વભાવ જ જ્ઞાયકરૂપે રહેવાનો છે. 卐

નિગોદમાંથી નીકળીને તરત મમોલા થાય છે અને મનુષ્ય થઈને તરત કેવળજ્ઞાન પામે છે. તારો જ્ઞાયક સ્વભાવ જ તારા સંસ્કારનું કારણ છે. તારો સ્વભાવ જ જ્ઞાયકરૂપે રહેવાનો છે, તું જ્ઞાનસ્વભાવી છો. તે તારો જ્ઞાનસ્વભાવ જ તારી પરિણતિને જ્ઞાયક તરફ લઈ જશે. તારો સ્વભાવ જ સંસ્કારરૂપ છે. તું ચેતનાથી ભરેલો છો, જડ તારો સ્વભાવ નથી. ચૈતન્ય પરિણતિને ચેતનદ્રવ્ય છે તેની તરફ ખેંચજે, તે તારો સ્વભાવ જ છે. દ્રવ્ય જ પર્યાયને પ્રગટ થવાનું કારણ છે. દ્રવ્ય ઉપર યથાર્થ દૃષ્ટિ ગઈ તો તે પર્યાય યથાર્થ સમ્યક્રૂપે પરિણમી જશે. તારો સ્વભાવ જ સમ્યક્રૂપ છે. યથાર્થ જ્ઞાનનું કારણ સ્વભાવ જ છે. સીધી રીતે દ્રવ્ય જ તેનું કારણ થાય છે. સંસ્કાર એક પરિણતિ છે, પરિણતિ કારણ થાય તે વ્યવહાર છે, યથાર્થ તો દ્રવ્ય જ જ્ઞાનનું કારણ છે. નિશ્ચયથી તારો મૂળ સ્વભાવ જ્ઞાયક જ છે. તે સ્વભાવ જ તેનું કારણ થાય છે. નિગોદમાંથી નીકળીને ઠેઠ કેવળજ્ઞાન પામે છે તે સ્વભાવના આશ્રયથી જ પામે છે. સ્વભાવથી હું ચૈતન્ય છું, આ વિભાવ હું નથી તેમ સ્વભાવ ઉપર દૃષ્ટિ ગઈ ત્યાં પરિણતિ પલટાઈ જાય છે. ત્યાં તેને સંસ્કાર પહેલેથી દૃઢ કરવા પડ્યા નહિ કે હું જ્ઞાયક છું, તેવો અભ્યાસ કરવો પડ્યો નહિ. બધો અભ્યાસ એકસાથે જ થઈ ગયો. હું જ્ઞાયક જ છું એવી દૃઢતા એકદમ જલદી આવી ગઈ અને અંતર્મુહૂર્તમાં બધું થઈ ગયું. મંદ પુરુષાર્થને લઈને વાર લાગી જાય એટલે વારંવાર અભ્યાસ કરવો પડે કે હું જ્ઞાયક છું, જ્ઞાયક છું. પરિણતિ સહજરૂપે દૃઢ થાય નહિ અને ઝાઝો કાળ અભ્યાસ વારંવાર કરવો પડે તેને સંસ્કાર કહેવાય. નિગોદના જીવે તરત જ એકદમ પુરુષાર્થ કર્યો તો એકદમ થયું, તેને વચ્ચે સંસ્કાર લાવવાની જરૂર ન પડી. અભ્યાસ કરવાનું રહ્યું નહિ. જેનો પુરુષાર્થ તીવ્ર ઊપડ્યો તેને વચ્ચે સંસ્કારની જરૂર હોતી નથી. પરિણતિમાં સંસ્કાર કરવાનો વચ્ચે કાળ જ રહેતો નથી. દ્રવ્ય જ તેનું કારણ થાય છે. મૂળ જ્ઞાયક સ્વભાવ તે જ કારણરૂપ થાય છે. ૧૨.

જો પરભાવ તજી મુનિ, જાણે આપથી આપ;
કેવલજ્ઞાનસ્વરૂપ લહી, નાશ કરે ભવતાપ. ૬૩. —શ્રી યોગસાર

## 卐 જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે. 卐

હું જ્ઞાયક છું એમ અંતરમાંથી પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને અંદરમાંથી પોતે રાગથી નિવર્તે અને પોતે પોતામાં લીનતા કરે અર્થાત્ હું જ્ઞાયક છું તેમ જ્ઞાયકરૂપે પરિણમન કરે તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે.

આ બધું ઉદયાધીન છે, હું જ્ઞાયક માત્ર છું, આ બધો વિભાવભાવ છે તેમ માત્ર બોલ્યા કરે અને અંતરમાંથી ભેદજ્ઞાન ન કરે તો તેને જ્ઞાયકરૂપે પરિણતિ ન થાય, પણ તે બોલવારૂપ થાય. શુભ પરિણતિ કરી તેમાં સંતુષ્ટ થાય તોપણ તે ક્રિયામાં રોકાઈ જાય છે. પોતાનું અસ્તિત્વ ગ્રહણ કરીને તેમ જ હું જ્ઞાયક છું તેમ જાણીને, રાગથી જુદો પડે અને જ્ઞાયકની જ્ઞાયકરૂપ પરિણતિ કરે તો જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી છે એટલે કે તેણે અનેકાન્તપણે આત્માને યથાર્થ ગ્રહણ કર્યો છે. હું ચૈતન્ય દ્રવ્ય અખંડ શાશ્વત છું એમ જાણીને જેવો જ્ઞાયક છે તેવી પરિણતિ પ્રગટ કરે છે. અર્થાત્ પર્યાયમાં પણ રાગથી નિવર્તે છે અને પોતાની જ્ઞાયકરૂપ પરિણતિ પ્રગટ કરે છે, તો તેને ખરેખર ભેદજ્ઞાન અને જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ છે.

માત્ર એકલી ક્રિયામાં સંતોષાઈ જાય અને બોલવામાં જ્ઞાયક છું, જ્ઞાયક છું એમ કર્યા કરે તથા આ બધું ઉદયાધીન છે એમ માની અંતરમાંથી રાગથી નિવર્તન કરતો નથી ને ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટ કરતો નથી, તો તેને જ્ઞાનનય અને ક્રિયાનયની મૈત્રી નથી. ૧૩.

## 卐 સમ્યગ્દષ્ટિને પોતાનું ઘર છૂટતું નથી. 卐

સમ્યગ્દષ્ટિને પોતાનું ઘર છૂટતું નથી, ઘરમાં જ ઊભેલો છે. ઘરના બારણામાં ઊભેલો હોવા છતાં તેને ઘર છૂટ્યું નથી, શાંતિ જ છે. જ્યારે ઘરમાં આવવું હોય ત્યારે તેની પરિણતિ તે તરફ દોડી આવે છે. જોકે તે અમુક પ્રકારની અસ્થિરતાને લઈને બહારના પરિચયમાં બારણામાં ઊભો કોઈની સાથે વાતચીત કરતો હોય તે પુરુષાર્થની મંદતાને કારણે ઊભો છે તોપણ ભાવના એવી છે કે આ ક્ષણે બધું છૂટી જતું હોય તો અંતરમાં લીન થઈ જાઉં અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ કરી લઉં. તેની એટલી ભૂમિકા નથી કે વારંવાર મુનિની જેમ અંતર્મુહૂર્તે–અંતર્મુહૂર્તે અંદર ચાલ્યો જાય. તેવી દશા નથી તોપણ કોઈ કોઈ વખતે પોતાના સ્વઘરમાં લીન થઈ જાય છે. બહાર ઉપયોગ જાય ત્યારે પણ સ્વઘરને છોડતો

(અનુસંધાન જુઓ પેજ નં. ૧૦ ઉપર)

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ. ૬૬ —શ્રી યોગસાર

# પૂજ્ય બહેનશ્રી વિષે
# પૂજ્ય ગુરુદેવશ્રીના હૃદયોદ્‌ગાર

બેનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી વાત છે. એકલું માખણ ભર્યું છે–એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર! થોડા શબ્દોમાં ઘણું ગંભીર! આ તો અમૃતધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય–આવી ચીજ બહાર આવી! આવાં વચનામૃત કોને ન ગોઠે? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જોયા તે આ ભાવ છે.

*

(તા. ૬-૯-૭૭) (બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઈમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને બધા હિન્દી–ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

*

(તા. ૧૬-૯-૭૭) હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે–આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે–એવી વાત છે.....જગતને લાભનું કારણ છે. માન મૂકીને એક વાર મુનિઓ (પણ) વાંચે તો એમના લાભનું કારણ છે.

*

આ (વચનામૃત) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય–ગુણ–પર્યાય, વ્યવહાર–નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું.

આ પરિવાર ન મુજતણો, છે સુખ–દુઃખની ખાણ;
જ્ઞાનીજન એમ ચિંતવી, શીઘ્ર કરે ભવહાણ. ૬૭ —શ્રી યોગસાર

વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.

*

(તા. ૨૯-૧-૭૮) વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાન્તનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

*

(શ્રાવક વદ ૨) ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિપ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને!

*

(તા. ૭-૧૨-૭૭) બેનના પુસ્તક સિવાય આપણે કોઈમાં પડ્યા નથી. બેનનું પુસ્તક બહુ સારું આવ્યું.....બેનના બોલમાં આવે છે ને 'બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે!' ઘણું સરસ! ❑ * ❑

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ)

નથી. પોતાના સ્વઘરનું અસ્તિત્વ અને જ્ઞાયકતા ગ્રહણ કરી તે જ્ઞાયકતાની શાંતિ કાયમ વર્તે છે. તે જ્ઞાયકપણું છૂટીને બહાર જતો જ નથી, એકત્વબુદ્ધિ થતી જ નથી.

તેને બહારમાં એવો ઉત્સાહ નથી આવતો કે પોતાનું ઘર છોડીને બહાર ચાલ્યો જાય. અનેક જાતના ઉદયો આવે તેમાં એકત્વ થઈ જાય અને તેનો રસ વધી જાય એવું બનતું નથી. પોતાના ચૈતન્યઘરની—સ્વઘરની તેને એવી મહિમા છે કે ચૈતન્ય ગ્રહણ થયું તે છૂટતું નથી. ચૈતન્યના ઘરમાં જવું તે તેના હાથમાં છે. ચૈતન્યના ઘરમાં જવું તે માર્ગ તેના માટે સહજ અને સુગમ થઈ ગયો છે; પણ તેના પુરુષાર્થની મંદતાને લઈને ઉપયોગ બહાર ચાલ્યો જાય છે. ગૃહસ્થદશાને લઈને થોડી વાર બારણામાં ઊભા દેખાય છે પણ પુરુષાર્થ ઊપડે તો અંદર ચાલ્યા જાય છે. ત્યાં ને ત્યાં ઊભા રહેતા નથી, સ્વરૂપમાં લીન થઈ જાય છે. ૧૪. *

જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;
આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષ સુખ થાય. ૭૦ —શ્રી યોગસાર



# શ્રુતજ્ઞાનની પર્યાયની પણ અદ્‌ભુત તાકાત !

(શ્રી સમયસાર ઉપર (૧૫મી વાર) પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૪) (પૂર્વાર્ધ)

આ, શ્રી સમયસાર શાસ્ત્રમાં મંગલાચરણ તરીકે પહેલાં ત્રણ શ્લોક કહ્યા છે. તેમાં પ્રથમ શ્લોકમાં દેવની સ્તુતિ છે. દિવ્યસ્વરૂપ એવા દેવ કેવા છે તેને ઓળખીને નમસ્કાર કર્યાં છે. 'नमः समयसाराय।'

બીજા શ્લોકમાં 'अनंतधर्मणस्तत्त्वं' દ્વારા શાસ્ત્રને નમસ્કાર કર્યાં છે. એક એક દ્રવ્યની અંદર અનંત ધર્મ છે તેને શાસ્ત્ર બતાવે છે તેથી શાસ્ત્રને નમસ્કાર કર્યાં છે.

આત્માના અનંત ગુણોમાંથી કેટલાક ગુણોની વાત આવી ગઈ છે. હવે કેટલાક ધર્મોની વાત કરે છે. કોઈ પ્રશ્ન કરે કે આત્મા અનંત ધર્મોવાળો છે તો તે ધર્મ ક્યા ક્યા છે? તેનો ઉત્તર :—આત્મા એક ચૈતન્યતત્ત્વ છે, તે પોતાના અનંત ગુણોમાં વ્યાપેલો છે.... વળી, વસ્તુમાં એકપણું, અનેકપણું, નિત્યપણું, અનિત્યપણું, ભેદપણું, અભેદપણું, શુદ્ધપણું, અશુદ્ધપણું આદિ ધર્મો છે.

'આલાપ પદ્ધતિ'માં શ્લોક છે કે દરેક આત્મા, દરેક રજકણ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ બધામાં 'એક' ધર્મ છે. ગુણ તો જુદા છે, તેને પર્યાય હોય છે. ધર્મોને પર્યાય હોતી નથી. ધર્મો અપેક્ષિત હોય છે. જેમ આત્મામાં જ્ઞાન ગુણ છે તેને પર્યાય પણ છે તેમ 'એક' ધર્મ છે તેને પર્યાય હોતી નથી. સર્વ સ્વભાવનો એક આધાર હોવાથી તેનો આ 'એક' ધર્મ સ્વભાવ ગણવામાં આવ્યો છે.

ગુણોને અપેક્ષા લગાડીને 'ધર્મ' કહેવાય પણ જે ધર્મો છે તે ગુણ ન થાય. એક, અનેક આદિ ધર્મો છે તે ગુણ નથી. અસ્તિપણું, વસ્તુપણું, પ્રદેશપણું એ બધા ગુણો છે. આવા અનંતગુણો અને ધર્મોવાળા તત્ત્વને શ્રુતજ્ઞાન દેખે છે, કેવળજ્ઞાન દેખે છે અને વાણી દેખાડે છે કે વસ્તુમા કેટલાક ગુણો છે તો કેટલાક ધર્મો છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણની જેમ ૪૭ શક્તિમાં 'એક' ગુણ કહ્યો છે તેને તો પર્યાય છે પણ અહીં જે 'એક' કહ્યો છે તે બધા ગુણોના

સમ્યગ્દષ્ટિ જીવને દુર્ગતિ ગમન ન થાય;
કદી જાય તો દોષ નહિ, પૂર્વકર્મ ક્ષય થાય. ૮૮.  —શ્રી યોગસાર

આધારભૂત 'એક' નામનો ધર્મ છે. 'અનેકપણું' એ પણ એક ધર્મ છે. એક એક પદાર્થમાં અનંત ધર્મ રહેલા છે. માટે પ્રત્યેક દ્રવ્યમાં 'અનેક' નામનો એક ધર્મ ગણવામાં આવ્યો છે. एकस्य अपि उपलंभात् अनेक स्वभाव ! એ આલાપપદ્ધતિનો સિદ્ધાંત છે. એક પદાર્થમાં અનંત ધર્મો વ્યાપેલા છે.

એક અને અનેક બંને અપેક્ષિત ધર્મો છે. બધા ધર્મોના આધારભૂત એવો વસ્તુનો 'એક' ધર્મ છે અને એકમાં અનેક ધર્મોનું હોવાપણું એવો 'અનેક' ધર્મ છે—એવો સ્વભાવ છે પણ એ ગુણ નથી.

ભાઈ! તારે વિચારીને નક્કી કરવું પડશે કે તત્ત્વ તો આવું છે. આત્મા પણ એક વસ્તુ હોવાથી તેમાં પણ અનંત ધર્મો છે.

વસ્તુને કાયમ ટકવાની અપેક્ષાએ તેમાં નિત્ય ધર્મ રહેલો છે પણ તે ગુણ નહીં હોવાથી તેને પર્યાય નથી. બદલવાની અપેક્ષાએ વસ્તુમાં અનિત્ય નામનો ધર્મ પણ છે. ટકવાની અપેક્ષાએ નિત્ય ધર્મ અને બદલવાની અપેક્ષાએ અનિત્ય ધર્મ છે. તે કોઈને પર્યાય નથી.

શ્રોતા :—અહીં 'ધર્મ' એટલે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ધર્મ એટલે સ્વભાવ. स्वस्य भवनं स्वभाव એટલે કે પોતાની લાયકાત અને યોગ્યતાવાળો ભાવ. નિત્યપણું અને અનિત્યપણું એવી વસ્તુની યોગ્યતારૂપ સ્વભાવ છે. પદાર્થમાં 'ભેદપણું' એવો એક ધર્મ છે એટલે વસ્તુમાં સંજ્ઞા, સંખ્યા, લક્ષણભેદે ભેદ છે અને અભેદપણું પણ ધર્મ છે એટલે વસ્તુના પ્રદેશોમાં ભેદ નથી. જે વસ્તુના જેટલા પ્રદેશ છે તે અભેદપણે છે, એકરૂપ છે.

વસ્તુમાં શુદ્ધપણું અને અશુદ્ધપણું એ પણ અપેક્ષિત ધર્મ છે. અશુદ્ધપણું કાયમ રહે એવો તે ધર્મ નથી. છ દ્રવ્યોમાંથી જીવ અને પુદ્ગલ બે દ્રવ્યમાં જ અશુદ્ધપણું થાય છે. ચાર દ્રવ્યોમાં તો વિભાવ—અશુદ્ધતા થતી નથી.

આવા અનેક ધર્મો વસ્તુમાં રહેલા છે તેમાંથી કેટલાક વચનગોચર છે તો કેટલાક વચનગોચર નથી. એવા પણ અનંત ધર્મો છે જે જ્ઞાનગમ્ય છે.

દરેક પદાર્થમાં સામાન્યગુણ અનંત છે, વિશેષગુણ અનંત છે અને આવા અપેક્ષિત ધર્મો પણ અનંત છે. આત્મા પણ એક વસ્તુ છે માટે તે સ્વભાવનો સાગર છે. પરમાણુ પણ

જે સમ્યક્ત્વ પ્રધાન બુધ, તે જ ત્રિલોક પ્રધાન;
પામે કેવલજ્ઞાન ઝટ, શાશ્વત સૌખ્યનિધાન. ૯૦. —**શ્રી યોગસાર**

સ્વભાવનો સાગર છે. તેમાં પણ સામાન્યગુણો, વિશેષગુણો કે જેને પર્યાય હોય છે તે અનંત અનંત છે અને જેને પર્યાય નથી હોતી એવા વિશેષ ધર્મો પણ અનંત હોય છે. પરમાણુનું કદ નાનું છે છતાં જે મૂર્ત સ્વભાવનો દળ છે તે જ પરમાણુ છે, ક્ષેત્ર નાનું છે માટે તેમાં અનંત ગુણો અને ધર્મો કેમ વસે! એ પ્રશ્ન નથી. એ પણ વસ્તુ છે માટે તેમાં અનંત સામાન્યગુણો, અનંત વિશેષગુણો અને અનંત અપેક્ષિત ધર્મો વસેલા છે.

જગતમાં છ જાતના સ્વભાવવાળા પદાર્થો છે. તે દરેકમાં ગુણ અનંતા છે અને ધર્મ પણ અનંતા છે. ચાર દ્રવ્યોમાં ભલે અશુદ્ધતા નથી પણ ગુણો અને ધર્મો તો અનંતા છે. એક પરમાણુ જેવડો કાળાણુ છે તેમાં પણ અનંતા ગુણો અને અનંતા ધર્મ છે, અશુદ્ધતા જરાય નથી.

જેમ એક પદાર્થ પોતાના અસ્તિત્વથી અને બીજાના નાસ્તિત્વથી ટકી રહ્યો છે તેમ અનંતાનંત પદાર્થોની મધ્યમાં 'એક પદાર્થ' અનંતા પદાર્થોના અભાવરૂપે ટકી રહેવારૂપ તેનામાં અનંતા ધર્મ છે. વસ્તુ કોને કહે ભાઈ! એક આત્મા બીજા આત્માના અભાવરૂપે ટક્યો છે તેમ બીજા અનંત આત્માના અભાવરૂપે ટક્યો છે; અનંતા રજકણના અભાવરૂપે ટક્યો છે. એક એક દ્રવ્યના અભાવરૂપ તેનામાં અનંતા ધર્મ છે. જેમ એક પદાર્થથી વ્યાવૃત્ત છે તેમ અનંત પદાર્થથી વ્યાવૃત્ત છે.

ભાઈ! દ્રવ્ય એ મહાન પદાર્થ છે. તેનું ક્ષેત્ર કેવડું છે એનાથી એની મહિમા નથી. દ્રવ્ય અનંત બેહદ સ્વભાવનો પિંડ છે. તેનાથી તેની મહિમા છે. આત્મા પણ એક પદાર્થ છે માટે આત્મામાં જ્ઞાન, દર્શન આદિ અનંત વિશેષગુણ છે કે જે ગુણો પરમાણુમાં કે બીજા કોઈ દ્રવ્યોમાં નથી. પરમાણુમાં સ્પર્શ, રસ, ગંધ આદિ અનંત વિશેષગુણ છે કે જે આત્મામાં નથી, બીજા ચાર દ્રવ્યોમાં પણ નથી.

આમ, એને શ્રદ્ધામાં બેસે કે મારો આત્મા અનંત સામાન્ય, અનંત વિશેષગુણો અને અનંત ધર્મોનો પિંડ છે એમ એનું શ્રુતજ્ઞાન જાણે છે, તે શ્રુતજ્ઞાન પ્રમાણ છે અને પ્રમેય પણ છે. બીજા બધા ગુણો પ્રમેય છે તેને શ્રુતજ્ઞાન જાણે છે. એ શ્રુતજ્ઞાનની કેટલી તાકાત! સમજાણું! તેથી તો સમયસાર ૧૫મી ગાથામાં કહ્યું કે ભાવશ્રુતજ્ઞાનની દશા તે જ જિનશાસન છે. એ જ ભાવશ્રુતજ્ઞાનને અહીં સરસ્વતીની મૂર્તિ કહી છે. અનંતાઅનંત ગુણ અને ધર્મને જાણે એવી આ શ્રુતજ્ઞાનપર્યાયની તાકાત પણ અનંત ધર્મવાળી છે. (ક્રમશઃ)

પંકજ જ્યમ પાણી થકી, કદાપિ નહિ લેપાય;
લિપ્ત ન થાયે કર્મથી, જે લીન આત્મસ્વભાવ. ૯૨.  —શ્રી યોગસાર



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

ભાવનાઓ બાર પ્રકારની છે. તેમના નામ કહે છે તથા તે ભાવનાઓ ભાવવાની પ્રેરણા કરે છે :—

अद्धुव असरण भणिया संसारामेगमण्णमसुइत्तं ।
आसव-संवर-णामा णिज्जर-लोयाणुपेहाओ ।।२।।
इय जाणिऊण भावह दुल्लह-धम्माणुभावणा णिच्चं ।
मण-वयण-काय-सुद्धी एदा हउद्देसदो भणिया ।।३।।

अध्रुव अशरणं भणिताः संसारमेकमन्यमअशुचित्वम् ।
आस्रवसंवरनामा निर्जरालोकानुप्रेक्षाः ॥२॥
इति ज्ञात्वा भावयत दुर्लभधर्मानुभावनाः नित्यम् ।
मनोवचनकायशुद्ध्या एताः उद्देशतः भणिताः ॥३॥

**અર્થ :**—હે ભવ્યાત્મન્! આટલા જે અનુપ્રેક્ષાના નામ જિનદેવ કહે છે તેને (સમ્યક્ પ્રકારે) જાણીને મન-વચન-કાય શુદ્ધ કરી આગળ કહીશું તે પ્રમાણે તમે નિરંતર ભાવો (ચિંતવો). તે (નામ) ક્યાં છે? અધ્રુવ, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ—એ બાર છે. ૨-૩.

જુઓ સદાય આ ભાવનાઓ જ ભાવવા જેવી છે. દુકાન-મકાન વગેરે બહારના પદાર્થોના કાર્યો તેના કાળે સ્વયં થાય છે. જીવ રાગ કરે પણ પરના કાર્યો તેને લીધે થતાં નથી. તે પોતામાંથી રાગ ટાળીને વીતરાગતા પ્રગટ કરે તો તેથી કાંઈ જગતનાં કાર્ય અટકી જતાં નથી. તે તો તેનું જેમ થવાનું હોય તેમ થયા જ કરે છે. બીજો જીવ તેનું અભિમાન તથા રાગ કરે પણ પરમાં કાંઈ ન થાય અને તે અભિમાન તથા રાગ છોડતાં તેનું પોતાનું કાર્ય સુધરી જાય પણ તેથી કાંઈ જગતના કાર્ય અટકી જતાં નથી. આમ જે (આત્માને) ઓળખે તેને જ આ બાર ભાવનાઓ હોય છે. બાર ભાવનાઓ ભાવવી તેમાં મારું કાર્ય છે, બહારના કાર્યોમાં મારું કાર્ય નથી. આમ સમજીને પોતે-પોતાના ચૈતન્યસ્વરૂપમાં ઉત્સાહ પ્રગટ કરીને આ બાર ભાવનાઓ વારંવાર ભાવવા જેવી છે.

પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧ —શ્રી યોગસાર

જેને આત્માનું જ્ઞાનાનંદ નિત્યસ્વરૂપ દૃષ્ટિમાં આવ્યું છે તે જ જીવ ખરેખર આ અનિત્ય વગેરે બાર ભાવનાઓ ભાવી શકે છે. આત્માનું સ્વરૂપ સ્વ-પર-પ્રકાશક ચૈતન્યમય છે, તેના ભાનપૂર્વકની આ ભાવનાઓ ધર્મીને હોય છે ને અજ્ઞાની જીવ સ્થિર ચિદાનંદને ભૂલીને શરીરાદિ પર સંયોગને સ્થિર રાખવા માગે છે પણ સંયોગો તો અસ્થિર છે—અધ્રુવ છે. અરે! પુણ્યની વૃત્તિ ઊઠે તે પણ અસ્થિર છે. જ્ઞાયકમૂર્તિ આત્મા સ્થિર રહેનારો છે તેની ભાવના છોડીને જે જીવ વિકારની ભાવના કરે છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. અહીં આત્માના ભાનપૂર્વકની વૈરાગ્ય ભાવનાઓનું વર્ણન છે. તે બાર ભાવના ટૂંકમાં કહે છે :—

૧. અધ્રુવ ભાવના એટલે કે અનિત્ય ભાવના :—ચિદાનંદ આત્મા નિત્ય છે ને તે સિવાય બધા સંયોગો ને પુણ્ય-પાપ અનિત્ય છે. આવી ભાવના તે અનિત્ય ભાવના છે.

૨. અશરણ ભાવના :—ચિદાનંદ પરમ સ્વભાવ એ જ મારું શરણ છે, એ સિવાય પરમાં ક્યાંય મારું શરણ નથી. આત્માનું શરણ જાણ્યું છે તે જ પરને અશરણપણે જાણીને અશરણ ભાવના ભાવે છે. અરિહંત ભગવાન વગેરેને શરણ કહેવા તે તો ઉપચારથી છે પણ અરિહંત ભગવાને કહ્યો તેવો પોતાનો સ્વભાવ તે જ પોતાને શરણ છે. એ સિવાય ક્ષણિકભાવો કે પરવસ્તુ કોઈ જીવને શરણ નથી. ચૈતન્યના શરણપૂર્વક યથાર્થ અશરણ ભાવના હોય છે. હું કોઈ પરવસ્તુને ગ્રહતો કે છોડતો નથી. આવા ભાનપૂર્વક ધ્રુવ શરણનું અવલંબન કરવું તેમાં જ ખરી અનિત્ય ભાવના અને અશરણ ભાવના છે.

જ્ઞાન સામર્થ્યમાં એકાગ્ર થવું તે જ ખરી ભાવના છે. આત્મા એક અને ભાવના બાર! એ ભાવનાઓનું ભેદથી કથન છે. ત્યાં બાર ભાવનાના વિકલ્પની મુખ્યતા ન ગણતાં અંતરસ્વભાવમાં એકાગ્રતા થવી તે જ ખરી ભાવના છે. નિત્ય શરણરૂપ એવા ચૈતન્યના ભાન વિના “બધું અનિત્ય છે” એમ કહે તેને ખરેખર અનિત્ય ભાવના ન કહેવાય. ચૈતન્ય ભગવાન જ શરણભૂત છે, તેની ભાવનાથી સંવર થાય છે, એ સિવાય બીજું બધું અશરણ છે.

૩. પરિભ્રમણ તે સંસાર છે :—જીવે અજ્ઞાનભાવથી પૂર્વે અનંત ભવોમાં ભ્રમણ કર્યું છે. પૂર્વ ભવની માતા હોય તે જ બીજા ભવમાં સ્ત્રી થાય ઈત્યાદિ પ્રકારે અનંત ભવમાં ભ્રમણ કર્યું છે. ચૈતન્યસ્વભાવનું ભાન કરીને તેનું અવલંબન કરે તો ભવભ્રમણ ટળે.

૪. જ્યાં બીજું(સ્વપણે) નથી તે એકત્વ છે :—મારો શુદ્ધ આત્મા એકલો જ છે. મારા શુદ્ધ આત્મા સિવાય બીજું કાંઈ મારામાં નથી. દેહ, પુત્ર વગેરે કાંઈ મારામાં નથી. પુણ્ય-પાપની વૃત્તિઓ પણ મારા સ્વરૂપમાં નથી. હું એકરૂપ ચૈતન્યમૂર્તિ છું. આવી ભાવના તે એકત્વ ભાવના છે. આવા ભાન વગર એમ બોલે કે “જીવ એકલો આવ્યો છે ને એકલો જશે” એ તો શુભરાગ

લોહબેડી બંધન કરે, સોનાની પણ તેમ;
જાણી શુભાશુભ દૂર કરે, તે જ જ્ઞાનીનો મર્મ. ૭૨ —શ્રી યોગસાર

છે. તે ખરી ભાવના નથી. શુભરાગ તો અભવ્યને પણ હોય છે પણ યથાર્થ ભાવના તો સંવરધર્મ છે, તે સમ્યગ્દષ્ટિને જ હોય છે. અહો! મારું ચિદ્‌ઘનસ્વરૂપ સિદ્ધ સદૃશ છે, તેમાં વિકારનો કે પરનો પ્રવેશ નથી. આવી ભાવના કરવી તે એકત્વ ભાવના છે.

૫. સર્વથી જુદાપણું તે અન્યત્વ છે :—મારા ચિદાનંદસ્વરૂપ સિવાય બીજા બધાયથી મારે અન્યત્વ છે. શરીર-મન-વાણી-પુત્ર એ બધાયથી મારે અન્યત્વ છે. વિકારથી પણ(સ્વભાવે) ખરેખર અન્યત્વ છે. જ્ઞાનસ્વભાવથી જુદાપણું નથી. હું તો જ્ઞાનમય નિરૂપાધિ તત્ત્વ છું. આવી ભાવના કરવી તે અન્યત્વ ભાવના છે.

૬. મલિનતા તે અશુચિ છે :—શરીર અશુચિ છે, એમ કહ્યું ત્યાં ખરેખર તો ધર્મીને શરીર જ્ઞેય છે. પણ ચિદાનંદ પવિત્ર સ્વભાવની ભાવના કરવા અને દેહાદિનો રાગ છોડવા માટે કહે છે કે “શરીર અશુચિરૂપ છે,” ત્યાં કાંઈ શરીરને દેખીને ધર્મીને રાગ-દ્વેષ થતા નથી, પરને દેખવાના કારણે રાગ કે દ્વેષ થવાનું માને તે તો મૂઢ મિથ્યાદષ્ટિ છે. ધર્મી પરના કારણે રાગ-દ્વેષ માનતા જ નથી પણ પોતાની અસ્થિરતાથી રાગ-દ્વેષ માને છે. શરીર અશુચિ છે એમ કહ્યું તે શરીર ઉપર દ્વેષ કરવા માટે નથી કહ્યું પણ શરીરથી ભિન્ન પવિત્ર જ્ઞાનસ્વભાવની ભાવના કરવા માટે કહ્યું છે.

શરીરના બધા અંગોમાંથી અશુચિ ઝરે છે ને મારા આત્મસ્વભાવમાંથી પવિત્ર જ્ઞાનાનંદ ઝરે છે. આમ સમજીને ધર્મી પોતાના અંતરસ્વભાવમાં જેટલો એકાગ્ર થાય તેટલી ભાવના છે, વચ્ચે શુભ વિકલ્પ હોય તેની મુખ્યતા નથી.

૭. કર્મનું આવવું તે આસ્રવ છે :—સમ્યગ્દષ્ટિ વિચારે છે કે અહો! મારા ચિદાનંદસ્વભાવમાં કર્મની ઉપાધિ નથી. જે વ્રતાદિની શુભ વૃત્તિ ઊઠે તે પણ કર્મના આસ્રવનું કારણ છે. તે મારું સ્વરૂપ નથી. મારા જ્ઞાનાનંદ સ્વરૂપની ભાવનામાં કર્મનો આસ્રવ થતો નથી.

૮. કર્મના આસ્રવને રોકવો તે સંવર છે :—ખરેખર કર્મને રોકવા તે ઉપચારનું કથન છે, ચિદાનંદસ્વરૂપમાં એકાગ્ર રહેતાં કર્મ આવતા જ નથી; તે આવવાયોગ્ય હતા ને અટકાવ્યાં એમ નથી પણ તે આવવાયોગ્ય જ ન હતા. ચિદાનંદસ્વરૂપની ભાવનામાં એકાગ્ર રહેતાં રાગની ઉત્પત્તિ જ નથી, તેનું નામ સંવર છે.

૯. કર્મનું ખરવું તે નિર્જરા છે :—શુદ્ધ ચૈતન્યસ્વરૂપના આશ્રયે એકાગ્ર થતાં શુદ્ધતા વધવી ને અશુદ્ધતા ટળવી તથા કર્મ ખરી જવા તેનું નામ નિર્જરા છે. એકાકાર અભેદ દ્રવ્યની દૃષ્ટિ રાખીને આ બધી ભાવનાનું વર્ણન છે. જુઓ, આ બાર ભાવનામાં પણ અલૌકિક વીતરાગતા છે.

મહા અલૌકિક અધ્યાત્મ શાસ્ત્રો સમયસાર, પ્રવચનસાર, નિયમસાર ને પંચાસ્તિકાયના

જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય;
તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન. ૭૪. —**શ્રી યોગસાર**

વાંચન પછી આ બાર ભાવનાનું શાસ્ત્ર વંચાય છે તેમાં સંધિ છે. જેને બાર ભાવના રુચતિ નથી, તેને ખરેખર અધ્યાત્મનું ભાન નથી. તીર્થંકરો પણ આ બાર ભાવના ભાવે છે. જ્યાં અંતરના અખંડ સ્વભાવની દૃષ્ટિ થઈ ત્યાં આવી વૈરાગ્ય ભાવનાઓ હોય છે. તેમ જ ભૂમિકાનુસાર પૂજા-ભક્તિ-સ્વાધ્યાય વગેરેનો શુભભાવ પણ હોય છે. તે શુભરાગને ધર્મ નથી માનતા પણ ભક્તિ વગેરેનો શુભરાગ આવ્યા વિના રહેતો નથી. જે ભૂમિકાએ જે દશા હોય તેનો વિવેક હોવો જોઈએ.

નિત્ય ચૈતન્યસ્વભાવની ભાવનાપૂર્વક શુદ્ધિની વૃદ્ધિ થાય અને કર્મ ખરે તેને નિર્જરા કહે છે. સામાન્યપણે કર્મના પરમાણુઓ તો બધાય જીવોને સમયે સમયે ખરે છે. તે સવિપાક નિર્જરા છે, તેમાં કાંઈ ધર્મ નથી. દ્રવ્યલિંગી સાધુ પુણ્યમાં ધર્મ માનતો હોય તેને પણ પૂર્વના કર્મો ખરે છે પણ સાથે મિથ્યાત્વના અનંત કર્મો નવા બંધાય છે તેને ખરેખર નિર્જરા ન કહેવાય.

૧૦. છ દ્રવ્યનો સમુદાય તે લોક છે :—હું છએ દ્રવ્યોનો જ્ઞાતા છું, એમ જ્ઞાનની ભાવનાપૂર્વક છ દ્રવ્યને જાણવા તે લોક ભાવના છે.

૧૧. અતિ દુર્લભતાથી જેની પ્રાપ્તિ થાય તે બોધિદુર્લભ છે :—આ જગતમાં જીવને બોધિ જ મહા દુર્લભ છે. બોધિ એટલે સાચી સમજણ. તે જીવને અનંતકાળમાં મહા દુર્લભ છે. જુઓ સમ્યગ્દૃષ્ટિ આવી સમ્યગ્દર્શનાદિની દુર્લભતાની ભાવના કરે છે.

સ્વર્ગાદિનો ભવ પામવો તે કાંઈ ખરેખર દુર્લભ નથી, તે તો અનંતવાર મળી ગયો પણ ચૈતન્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-રમણતા તે જ જીવને ખરેખર દુર્લભ છે.

૧૨. સંસારથી જીવનો ઉદ્ધાર કરે તેનું નામ ધર્મ છે :—વસ્તુસ્વરૂપ તે ધર્મ છે. ચૈતન્યસ્વરૂપનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં જીવને જન્મ-મરણનો અભાવ થઈને ધર્મ ભાવના સાથે મુક્તદશા થઈ જાય છે; આવી ધર્મભાવના છે.

આ પ્રમાણે(આગળ) બાર ભાવના ટૂંકામાં વર્ણવી. હવે એકેક ભાવના વિસ્તારથી વર્ણવે છે :—

*(ક્રમશઃ)* ✻

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઈચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

આત્મા દર્શન–જ્ઞાન છે, આત્મા ચારિત્ર જાણ;
આત્મા સંયમ–શીલ–તપ, આત્મા પ્રત્યાખ્યાન. ૮૧.  —શ્રી યોગસાર



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

### વચનામૃત—૪

**જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે. પરંતુ જ્ઞાન નહિ હોવાથી જીવ કષાયને ઓળખી શક્તો નથી. જ્ઞાન પોતે માર્ગને ઓળખે છે, અને વૈરાગ્ય છે તે જ્ઞાનને ક્યાંય ફસાવા દેતો નથી પણ બધાથી નિસ્પૃહ અને સ્વની મોજમાં ટકાવી રાખે છે. જ્ઞાન સહિતનું જીવન નિયમથી વૈરાગ્યમય જ હોય છે. ૪.**

વચનામૃતનો ચોથો બોલ છે. ત્રણ બોલ કાલે ચાલ્યા. આજે ચોથો બોલ છે.

**'જ્ઞાન અને વૈરાગ્ય એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે.'**

શું કહ્યું? આ આત્મા શુદ્ધ ચૈતન્યવસ્તુ છે, તેનું જ્ઞાન, ને રાગનો અભાવ એવો જે વૈરાગ્ય—એ બંને એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. એમ અસ્તિ ને નાસ્તિથી સમજાવ્યું છે. અસ્તિ એટલે પૂર્ણ શુદ્ધ ચૈતન્યવસ્તુની સ્વસન્મુખ વર્તવારૂપ જ્ઞાન, અને નાસ્તિ એટલે પરનો—રાગાદિનો—અભાવ એવો જે વૈરાગ્ય; તે એકબીજાને પ્રોત્સાહન આપનારાં છે. સ્વભાવની—જ્ઞાનની—અસ્તિ છે ત્યાં રાગની નાસ્તિ છે—એમ પુષ્ટિ આપે છે.

'જ્ઞાન' એટલે ચૈતન્યસ્વરૂપ આત્માનું–પૂર્ણાનંદનું જ્ઞાન, અને 'વૈરાગ્ય' એટલે શુભ-અશુભ ભાવમાં જે રક્તપણું છે તેનાથી વિરક્ત થવું તે. બહારથી સ્ત્રી, કુટુંબ, પરિવાર ને દુકાન છોડવી તે વૈરાગ્ય નથી. વીતરાગમાર્ગમાં વૈરાગ્યની વ્યાખ્યા એવી નથી. અહા! વાતે વાતે ફેર છે.

સમયસારના પુણ્ય-પાપના અધિકારમાં કહ્યું છે ને!

જીવ રક્ત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે,
—એ જિન તણો ઉપદેશ; તેથી ન રાચ તું કર્મો વિષે. ૧૫૦.

**જે જાણે શુદ્ધાત્મને, અશુચિ દેહથી ભિન્ન;**
**તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો, શાશ્વત સુખમાં લીન. ૯૫. —શ્રી યોગસાર**

—આ આગમવચન છે તે, સામાન્યપણે રાગીપણાના નિમિત્તપણાને લીધે શુભ અને અશુભ બંને કર્મને અવિશેષપણે બંધનાં કારણ તરીકે સિદ્ધ કરે છે અને તેથી બન્ને કર્મને નિષેધે છે.

ધર્મીને જ્ઞાન ને વૈરાગ્ય બંને એકસાથે હોય છે—સ્વરૂપનું જ્ઞાન અને રાગનો અભાવ એકસાથે જ હોય છે.

સમયસારના નિર્જરા-અધિકારમાં આવે છે ને!....કે "સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે; કારણ કે તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો (યથાર્થ સ્વરૂપનો) અભ્યાસ કરવા માટે, 'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે' એવો ભેદ પરમાર્થે જાણીને સ્વમાં રહે છે (-ટકે છે) અને પરથી—રાગના યોગથી—સર્વ પ્રકારે વિરમે છે. (આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.)"

જ્ઞાન અને વૈરાગ્ય હંમેશાં એકસાથે હોય છે.

અષ્ટપાહુડમાં—શીલ અધિકારમાં—કહ્યું છે : નરકમાં પણ શીલ છે. શીલ એટલે મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો અભાવ. આત્માના ભાન વિના ગમે તેટલો રાગ મોળો પાડે અને બહારમાં બધું છોડે, છતાં તેને શીલ કહેવાતું નથી. તે તો સ્વરૂપથી ભ્રષ્ટ છે.

શીલ એટલે સ્વભાવની દૃષ્ટિ અને રાગથી વૈરાગ્ય. તે ભાવ નારકીની અંદર પણ હોય છે. શીલના પ્રતાપે ત્યાંથી નીકળી તીર્થંકર થાય છે. જુઓને! શ્રેણિક રાજા અત્યારે નરકમાં છે, ચોરાશી હજાર વર્ષની સ્થિતિમાં છે. તેમને જ્ઞાન ને વૈરાગ્ય બેય છે. તેના પ્રતાપે ત્યાંથી નીકળી તીર્થંકર થવાના છે. આ તો દૃષ્ટાંત છે, પણ સિદ્ધાન્ત એ છે કે નરકમાં પણ શીલ હોય છે.

નગ્ન દિગંબર મુનિ થયો હોય; હજારો રાણીઓનો ત્યાગ, પંચ મહાવ્રત ને શુકલ લેશ્યા હોય; છતાં પણ તે, આત્મસ્વરૂપનું જ્ઞાન–અનુભવ નહિ હોવાથી, અનંત સંસારમાં રખડે છે; કેમ કે મિથ્યાત્વ તે જ સંસાર છે, ને સમકિત તે જ મોક્ષ છે. કળશમાં આવે છે ને? 'સ હિ મુક્ત એવ' અહા! જેના ઉપર વજન આપવું જોઈએ તેના ઉપર વજન નહિ, અને બહારમાં વજન આપીને અનંત કાળથી રખડી મરે છે, દુઃખી છે. ચોરાશીના અવતારમાં ક્યાંય સુખ નથી, સુખ માત્ર એક પોતાના આત્મામાં જ છે.

**રાગ–દ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ;**
**જિનવર ભાષિત ધર્મ તે, પંચમ ગતિ લઈ જાય.** **—શ્રી યોગસાર**

અત્યારે તો એવી પ્રરૂપણા ચાલે છે કે : શુભ-ઉપયોગથી ધર્મ થાય; શુભ-ઉપયોગ કરતાં કરતાં શુદ્ધ થવાય તે અનેકાંત છે, શુભથી શુદ્ધ ન થાય તે એકાંત છે. ભાઈ! એમ છે જ નહિ. અહીં કહે છે કે—શુદ્ધસ્વરૂપ વસ્તુ છે તેનો ઉપયોગ તે શુદ્ધ-ઉપયોગ; પર તરફના વલણનો ભાવ તે અશુદ્ધ-ઉપયોગ—તે શુભ હો કે અશુભ હો પણ તે બંને છે અશુદ્ધ ઉપયોગ. પરદ્રવ્યના આશ્રયે થતો ઉપયોગ અશુદ્ધ છે ને સ્વદ્રવ્યના આશ્રયે થતો ઉપયોગ શુદ્ધ છે. શુદ્ધ ભાવથી ધર્મ થાય અને અશુદ્ધ ભાવથી—શુભાશુભ ભાવથી—ધર્મ ન જ થાય એ જ સાચો અનેકાંત છે.

ત્રિકાળી નિજ શુદ્ધ સ્વભાવનું સાચું ભાન તે જ્ઞાન, અને તે કાળે રાગનો અભાવ તે વૈરાગ્ય. તે બંને એકબીજાને મદદ આપનારાં, ટેકો આપનારાં, પ્રોત્સાહન આપનારાં છે.

પ્રશ્ન :—મદદની તો આપ ના પાડો છો ને?

ઉત્તર :—મદદ કોની? અંદર એક ગુણ બીજા ગુણને મદદ આપે એમ કહ્યું છે તે નિમિત્તનું કથન છે. પર મદદ કરે, એની અહીં વાત નથી. અંદર આત્માનું સાચું જ્ઞાન હોય ત્યાં પુણ્ય-પાપ ભાવથી વિરક્તસ્વરૂપ સાચો વૈરાગ્ય હોય જ, અને સાચો વૈરાગ્ય હોય ત્યાં સાચું જ્ઞાન હોય જ.

**'જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે.'**

(ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૨૨થી ચાલુ)

સાધકદશામાં શ્રુતજ્ઞાનના ને દ્રવ્ય—ગુણ—પર્યાયના વિચારો, દેવ—શાસ્ત્ર—ગુરુની ભક્તિ વગેરે એવા વિકલ્પ આવે છે. અંતરમાં પૂરો ઠરી શકતો નથી ને સ્વાનુભૂતિમાંથી જ્યારે બહાર આવે છે ત્યારે ભક્તિના વિકલ્પો આવે છે. પણ ચૈતન્યનું રહેવાનું સ્થળ બદલાઈ ગયું છે. જ્ઞાનીની લીનતાની આખી દિશા બદલાઈ ગઈ છે—અરે! તેની આખી દુનિયા જ બદલાઈ ગઈ છે. તેનું રહેવાનું સ્થાન પણ આત્મા, બેસવાનું સ્થાન પણ આત્મા, આસન પણ આત્મા, બધું આત્મામય જ થઈ ગયું છે. તેનું આખું જગત બદલાઈ ગયું છે એટલે કે જગત તો જે છે તે છે; પણ પોતે બદલાઈ ગયો છે તેથી બધું બદલાઈ ગયું છે, આત્મામય થઈ ગયું છે. ૩૯૧.

---

**જેમ રમતું મન વિષયમાં તેમ જો આત્મે લીન;**
**શીઘ્ર મળે નિર્વાણપદ ધરે ન દેહ નવીન.**

**—શ્રી યોગસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

શ્રોતા :—સમ્યગ્દૃષ્ટિને શું કોઈ સ્પૃહા જ રહી નથી?

પૂજ્ય બહેનશ્રી :—જેને સમ્યગ્દર્શન પ્રગટ થાય છે તેને એકત્વબુદ્ધિ તૂટી જાય છે તેથી તેને જગતની કોઈ સ્પૃહા નથી, બહારની કોઈ અપેક્ષા નથી. રાગના કોઈ વિકલ્પમાં તેને રસ નથી, જગતના કોઈ પુણ્ય તત્ત્વ પ્રત્યે તેને રસ નથી, સ્પૃહા માત્ર છૂટી ગઈ છે.

જ્ઞાનીને એકત્વબુદ્ધિપૂર્વક કોઈ જાતની સ્પૃહા નથી. જોકે પુરુષાર્થની મંદતાથી આચરણમાં અલ્પ સ્પૃહા રહે છે તે જુદી વાત છે; પણ શ્રદ્ધામાં તો તેણે પહેલાંથી નવ નવ કોટિએ બધાંનો ત્યાગ કર્યો છે. નવ નવ કોટિએ વિભાવ મારે જોઈતા નથી. ઊંચામાં ઊંચા શુભભાવના વિકલ્પને પણ મન-વચન-કાયાથી છોડું છું. મારે તે નથી જોતા, નથી જોતા—એ રીતે શ્રદ્ધામાંથી પહેલાં વિકલ્પો છૂટી જાય છે. પછી આચરણમાંથી પણ છૂટી જાય છે.

જ્ઞાની અસ્થિરતાને લીધે બહારનાં કોઈ આચરણોમાં ઊભા હોય, પરંતુ તે સર્વ આચરણો તિલાંજલીરૂપ છે. મને તેના પ્રત્યેની કોઈ સ્પૃહા નથી, કોઈ વિકલ્પનો અંશ માત્ર મારો નથી. સ્વરૂપના ગુણ-પર્યાયના વિચારોમાં રોકાવું તે પણ પોષાતું નથી.

શ્રોતા :—જ્ઞાનીને મારે આત્મા જોઈએ છીએ એવો વિકલ્પ નથી?

પૂજ્ય બહેનશ્રી :—જ્ઞાનીને કોઈ પણ જાતનો એકત્વબુદ્ધિનો વિકલ્પ રહેતો નથી. જ્યાં સુધી અસ્થિરતાના વિકલ્પમાં ઊભા છે ત્યાં સુધી આકુળતા છે; પણ જ્યાં પરિણતિ આત્મા તરફ ગઈ ત્યાં વિકલ્પ નથી. જે આત્માને મેં ગ્રહણ કર્યો તે હું પોતે જ છું, આ હું છું—એ જાતના વિકલ્પમાં પણ તે રોકાતો નથી. 'હું છું તે છું.' શ્રદ્ધામાં તો એમ જ છે. સહજ સ્વરૂપ—કુદરત સ્વરૂપ—આત્મા, સહજપણે કુદરતી પરિણમી જાય છે. અનંત ગુણ અદ્ભુત અને ચમત્કારિક છે તે રૂપે પોતે સહજ પરિણમી જાય છે. સહજ આનંદ, સહજ જ્ઞાન, સહજ દર્શન, આદિ જે અનુપમ અને અપૂર્વ ગુણ છે તેનું અંશે પરિણમન છે, તે લીનતા વધતાં પૂર્ણરૂપે પરિણમી જાય છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

રાગ-દ્વેષ બે ત્યાગીને, ધારે સમતાભાવ;
તે સામાયિક જાણવું; ભાખે જિનવરરાવ. ૧૦૦.

—શ્રી યોગસાર

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી ચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—આત્માના સ્વભાવમાં દુ:ખ છે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નરકના નારકીને સ્વર્ગના સુખની ગંધ નહિ, સ્વર્ગના દેવને નરકના દુ:ખની ગંધ નહિ, રાગમાં ધર્મની ગંધ નહિ, પરમાણુમાં પીડાની ગંધ નહિ. સૂર્યમાં અંધકારની ગંધ નહિ અને સુખસ્વભાવમાં સંસારદુ:ખની ગંધ નહિ.

શ્રોતા :—કૃપા કરી જ્ઞાતા-દૃષ્ટાનું વાસ્તવિક સ્વરૂપ બતાવશો?


પૂજ્ય ગુરુદેવશ્રી :—ચેતના તે જ આત્માનું લક્ષણ છે. ચેતના દર્શનજ્ઞાનમય છે. પુણ્ય-પાપ આત્માના ચેતન સ્વભાવથી જુદા છે. આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે. પરની સામે જોયા કરવું એનું નામ જ્ઞાતા-દૃષ્ટાપણું નથી પણ પોતાના જ્ઞાયક દર્શક સ્વભાવને ઓળખીને તેમાં સ્થિર રહેવું તે જ જ્ઞાતા-દૃષ્ટાપણું છે. આપણે જ્ઞાતા-દૃષ્ટા રહીને પરના કામ કરવાં—એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે; કેમ કે આત્મા પરનું કરી શકતો જ નથી. જ્ઞાન-દર્શન લક્ષણ વડે પોતાના સ્વભાવને જાણીને તેમાં ઠરવું તે મોક્ષનો નિકટ ઉપાય છે.


શ્રોતા :—ભગવાનની મૂર્તિ તો જડ છે, છતાં તેની પૂજાનો ઉપદેશ શા માટે આપવામાં આવે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે ભાઈ! હજી, તું જડ—ચેતનને સમજ્યો જ ક્યાં છો? તારા સ્ત્રી-પુત્રાદિ પણ જડ જ છે; છતાં તું એમનાથી રાગ શા માટે કરે છે? આત્મા સ્ત્રી-પુત્રાદિરૂપ નથી; તેમના આત્માને તો જાણતો નથી, ફક્ત શરીરમાં જ તું સ્ત્રી-પુત્રાદિપણાને માની બેઠો છો. આ શરીર તો જડ છે, છતાં પણ તું તેના પ્રત્યે રાગ કરી પાપ બાંધે છે અને જ્યાં દેવની વાત આવે છે ત્યાં તું કહે છે કે મૂર્તિ તો જડ છે; ત્યારે કહેવું જોઈશે કે તને દેવ-ગુરુની ઓળખાણ જ નથી. ભગવાનના ભક્તને પ્રથમ ભૂમિકામાં દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ શુભરાગ આવ્યા વિના રહેતો નથી.

મિથ્યાત્વાદિક પરિહરણ, સમ્યગ્દર્શનશુદ્ધિ;
તે પરિહારવિશુદ્ધિ છે, શીઘ્ર લહો શિવસિદ્ધિ. ૧૦૨. —**શ્રી યોગસાર**

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત








# મોક્ષમાર્ગપ્રકાશક અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૨ (કુલ માર્ક્સ-૫૦)

**અભ્યાસ ક્રમ -મોક્ષમાર્ગપ્રકાશક : બીજો અધ્યાય**

---

પરીક્ષાર્થીનું નામ : ................................................... ઉંમર : ..........

મંડળનું નામ : .................................................. ગામનું નામ : ................

ફોન નં.: ..................................................... તા. ૨૫-૭-૨૦૧૩

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર મોક્ષમાર્ગપ્રકાશક આધારિત આપવાના રહેશે.

---

**સૂચના : આ અધિકારમાં જીવ અને કર્મના નિમિત્ત-નૈમિત્તિક સંબંધની મુખ્યતાથી કથન છે તે વાત ખ્યાલમાં રાખી ઉત્તરો લખવા.**

**પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઈપણ છ પ્રશ્નોના ત્રણથી ચાર લીટીમાં ઉત્તર આપો. (૧૮)**

(૧) અજ્ઞાની જીવ પોતાના દુઃખોને મટાડવાના જે ઉપાયો કરે છે તે બરાબર છે? સદ્‌ગુરુ ક્યો સાચો ઉપાય બતાવે છે?
(૨) ગ્રંથકારે જીવનો રોગ (સંસાર દુઃખ)નું મૂળ કારણ શું બતાવ્યું છે? તે બંધન જીવને ક્યારથી છે?
(૩) અમૂર્તિક જીવને મૂર્તિક કર્મોનો બંધ કેવી રીતે થાય છે?
(૪) કર્મના મુખ્ય બે પ્રકાર ક્યા ક્યા છે? તેમનું કાર્ય શું છે?
(૫) કર્મો નિર્બળ છે શા માટે? તો પછી બળવાન જીવને ક્યા સંબંધે સ્વભાવ ઘાતમાં કારણ થાય છે?
(૬) અંતરાયકર્મના ઉદયથી થતી જીવની અવસ્થા સમજાવો.
(૭) ગોત્ર કર્મના ઉદયથી થતી જીવની અવસ્થા સમજાવો.
(૮) જીવને ક્યા ચાર પ્રકારનો બંધ થાય છે? યોગ ક્યા બંધનું કારણ છે? તથા કષાય ક્યા બંધનું કારણ છે?

**પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના (ચારથી પાંચ લીટીમાં) ઉત્તર આપો. (૧૫)**

(૧) જડ-જ્ઞાન રહિત પુદ્‌ગલ પરમાણુઓ યથાયોગ્ય પ્રકૃતિરૂપે કઈ રીતે પરિણમે છે?
(૨) મતિ-શ્રુત અને અવધિજ્ઞાનની પરાધીનતા સમજાવો. (૩) વેદનીયકર્મના ઉદયથી થતી જીવની અવસ્થા સમજાવો. (૪) જીવની મિથ્યાત્વરૂપ અવસ્થા સમજાવો. (૫) નામકર્મના ઉદયથી થતી જીવની અવસ્થા સમજાવો. (૬) મોક્ષમાર્ગપ્રકાશકનો બીજા અધિકાર સમજવાનો હેતુ શું છે ?

**પ્રશ્ન-૩ નીચેના શબ્દોના અર્થ સમજાવો (બે લીટીમાં). (૬)**

(૧) નિત્યનિગોદ (૨) ઇતરનિગોદ (૩) નોકર્મ (૪) સ્થિતિબંધ (૫) અવધિજ્ઞાન (૬) જ્ઞાનનો ક્ષયોપશમ

**પ્રશ્ન-૪ નીચે આપેલ કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો. (વીસ લીટીમાં). (૧૧)**

(૧) જીવ તે 'નવીન બંધનું કારણ'-સમજાવો. (૨) ચારિત્રમોહના ઉદયથી થતી જીવની અવસ્થા.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

✻ **મંગલ પત્રિકાલેખન વિધિ :—**પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૧૦૦મા જન્મોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૧૫-૭-૨૦૧૩ સોમવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે નંદીશ્વર જિનાલયમાં અષ્ટાહ્નિકા મહોત્સવના સામુહિક પૂજન પછી સર્વે મુમુક્ષુઓ શ્રી રસિકભાઈ અમરચંદ ડગલીના નિવાસસ્થાને''દેવ-જૈની'' ગયા. ત્યાંથી વાજતે-ગાજતે અત્યંત ઉત્સાહપૂર્વક પત્રિકાને સ્વાધ્યાયમંદિરમાં લાવવામાં આવી, ત્યાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન પછી નિમંત્રણ પત્રિકાનું વાંચન શ્રી દેવાંગ રસિકલાલ ડગલીએ કર્યું ત્યારબાદ પત્રિકા-લેખન વિધિ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થઈ. આ પ્રસંગે તા. ૧૪-૭-૨૦૧૩ના રોજ સાંજે શ્રી રસિકલાલ ડગલી પરિવાર તરફથી તેમના નિવાસસ્થાને સાંજી ભક્તિનું ભાવવાહી આયોજન થયું હતું.

✻ **રક્ષાબંધન પર્વ :—**શ્રાવણ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૨૦-૮-૨૦૧૩, મંગળવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

✻ **જ્ઞાનવૈભવ–પ્રકાશન વાર્ષિક દિવસ :—**'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૪-૯-૧૩ બુધવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

❀ **દશલક્ષણપર્યુષણપર્વ :—**ભાદરવા સુદ ૪, સોમવાર તા. ૯-૯-૨૦૧૩ થી ભાદરવા સુદ ૧૪, બુધવાર, તા. ૧૮-૯-૨૦૧૩ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૧૭-૯-૨૦૧૩, મંગળવારથી તા. ૧૯-૯-૨૦૧૩, ગુરુવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ :—**ભાદરવા વદ ૧, શુક્રવાર, તા. ૨૦-૯-૨૦૧૩ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

(૩)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૪૧) મોક્ષમાર્ગસ્ય નેત્તારં.............................

(૪૨) ભાવલિંગી મુનિ ..................... અને ............. ગુણસ્થાનમાં ઝુલતા હોય છે.

(૪૩) વિગ્રહ ગતિમાં .............. અને ................ શરીર હોય છે.

(૪૪) અંતરંગ પરિગ્રહના ..............અને બહિરંગ પરિગ્રહના ............ ભેદ હોય છે.

(૪૫) વચનામૃત વીતરાગનાં............................
................................ કાયરને પ્રતિકૂળ.

(૪૬) લક્ષણાભાસમાં (૧).................. (૨).............. અને ............ દોષ હોય છે.

(૪૭) પુદ્ગલને છોડી બાકી પાંચે દ્રવ્યો................ છે.

(૪૮) શ્રી સમયસારાદિ પંચ પરમાગમોનો ગુજરાતી અનુવાદ શ્રી ................................ કરેલ છે.

(૪૯) જે વીતરાગ, સર્વજ્ઞ તથા હિતોપદેશી હોય છે તે જ સાચા................ છે.

(૫૦) ................ માં ''તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યક્દર્શનમ્'' લક્ષણ કહેલ છે.

(૫૧) ''આતમકો હિત હૈ સુખ સો સુખ આકુલતા બિન કહીએ'' જે શાસ્ત્રમાં આવે છે તે શાસ્ત્રના રચયિતા પં. ................................. છે.

(૫૨) અત્યારે ભરતક્ષેત્રમાં ........................ ઉત્કૃષ્ટ ગ્રંથ છે.

(૫૩) અનંતકાળથી આથડ્યો,......................................
..........................., મુક્યું નહીં અભિમાન.

(૫૪) તીર્થંકરો જન્મથી ............. જ્ઞાનના ધણી હોય છે.

(૫૫) અહો! વાણી તારી પ્રશમરસ ભાવે નિતરતી,
..............................................

(૫૬) હે જીવ! તને ક્યાંય ન ગમતું હોય તો.................................................. અને આત્મામાં ગમાડ.

(૫૭) ઘટ ઘટ અંતર જિન વસે, ............................
................................, મતવાલા સમજૈ ન.

(૫૮) જ્ઞાનીને શુભભાવ આવે છે પણ તેને ...................... તરીકે માને છે.

(૫૯) શ્રેણી ચઢતાં મુનિ માટે ................ ગુણસ્થાન નીચે પડવા માટે હોય છે.

(૬૦) જે જ્ઞાન બીજાનાં મનમાંથી રૂપી પદાર્થોને સ્પષ્ટ જાણે તેને.................... જ્ઞાન કહે છે.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન જુલાઈ-૨૦૧૩ના ઉત્તર

(૨૧) મોક્ષમાર્ગ:
(૨૨) મંગલ, ઉત્તમ
(૨૩) પદ્માવતી અને ધરણેન્દ્ર
(૨૪) સ્કંધ
(૨૫) ૧૨
(૨૬) અગિયારમી
(૨૭) અષ્ટાહ્નિકા
(૨૮) પુરુષાર્થ
(૨૯) શિવરમણી રમનાર તું
તુંહી દેવનો દેવ
(૩૦) રોગ નહીં,
ગુરુ આજ્ઞા સમ,
(૩૧) બે, બે
(૩૨) પોન્નુર
(૩૩) જ્ઞાન, કર્મ
(૩૪) ૬૩ શલાકા
(૩૫) કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું,
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું.
(૩૬) પ્રાકૃત, આત્મખ્યાતિ, સંસ્કૃત
(૩૭) કાળ,
(૩૮) તાતે સમામૃત સેઈએ,
(૩૯) વિરોધ,
(૪૦) મિથ્યાત્વના,

## (3)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૪૧) પૂજ્ય ગુરુદેવશ્રી અત્યારે................. ગતિમાં છે.

(૪૨) પરમપૂજ્ય કાનજીસ્વામી છેલ્લા ૪૫ વર્ષ....................... માં રહ્યાં હતાં.

(૪૩) સતી અંજનાના પુત્રનું નામ ................... હતું.

(૪૪) મોક્ષમાર્ગમાં (૧)......... (૨) .............. (૩) ........... રત્ન છે.

(૪૫) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના પિતાનું નામ ..................... હતું.

(૪૬) ભરતક્ષેત્રમાં ભગવાનના ............... કલ્યાણક હોય છે.

(૪૭) પાવાપુરીથી .................. ભગવાન મોક્ષ ગયા છે.

(૪૮) વીર, ................., સન્મતિ, .................. અને મહાવીર આ એક જ ભગવાનના નામ છે.

(૪૯) પૂજ્ય સદ્‌ગુરુદેવે પહેલો ૐકાર ધ્વનિ ................ ગામે સાંભળ્યો હતો.

(૫૦) ગૌતમસ્વામી .................થી મોક્ષ ગયા છે.

(૫૧) પરમ પૂજ્ય કાનજીસ્વામીની માતાનું નામ ..................... હતું.

(૫૨) રાત્રિભોજનમાં અસંખ્ય ............. જીવોની હિંસા થાય છે.

(૫૩) પૂજ્ય બહેનશ્રીને................ વર્ષની ઉંમરે સમ્યગ્દર્શન.............. ગામે થયું હતું.

(૫૪) સોનગઢથી ૨૫ કિલોમીટર દૂર ..................... સિદ્ધક્ષેત્ર છે.

(૫૫) પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામી .................... ખંડમાં તીર્થંકર થવાના છે.

(૫૬) પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને .................. વર્ષનું જાતિસ્મરણ હતું.

(૫૭) સમવસરણમાં દર્શન કરતા ખડ્‌ગાસન પ્રતિમા .................... દેવની હોય છે.

(૫૮) સર્પ ચિહ્‌ન ...................... ભગવાનનું છે.

(૫૯) વાનર ચિહ્‌ન ................. ભગવાનનું છે.

(૬૦) રાવણના હાથીનું નામ ........................ હતું.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન જુલાઈ-૨૦૧૩ના ઉત્તર

૨૧—આઠ,
૨૨—ત્રણ,
૨૩—ઉમરાળા,
૨૪—મનુષ્ય,
૨૫—નૈમિત્તિક, વિકારીભાવ, અથવા ઔપાધિક, ઔદયિક,
૨૬—વાસુપૂજ્ય,
૨૭—જંબૂદ્વીપ,
૨૮—વાસુપૂજ્ય, મલ્લિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર,
૨૯—વઢવાણ, વીરપુરી—વર્ધમાનપુરી,
૩૦—બળદ
૩૧—બાહુબલી,
૩૨—મિથ્યાત્વ.
૩૩—પાર્શ્વનાથ, મહાવીર જયંતી,
૩૪—ભરત, બાહુબલી,
૩૫—ઘાતિ,
૩૬—આત્મામાં,
૩૭—નેમિનાથ,
૩૮—જ્ઞાન,
૩૯—સમયસાર, નિયમસાર, પ્રવચનસાર,
૪૦—અશરીરી,

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ નિજ પરમ પાવન પરમાત્માનું નિજ પરમ સ્વરૂપ, તેના પ્રવાહની પરમ પ્રતીતિ અને તેમાં સ્થિરતા એ અમૂલ્ય ચિંતામણિરત્ન છે કે જેનું મૂલ્યાંકન હોઈ શકે નહીં. ૧૩.

✻ આત્મામાં એટલે કે અનંત શક્તિ સંપન્ન દ્રવ્યમાં અનંત શક્તિનું સ્વસંવેદનપણે એટલે કે નિજ (પોતાના) ભાવથી રાગના અભાવરૂપ પોતાના સ્વભાવથી પ્રત્યક્ષ વેદન થવું તે અનંત ગુણમાહિની એક એવી સ્વસંવેદન શક્તિને બતાવે છે. ૧૪.

✻ આત્મા સિવાય બીજા પાંચ દ્રવ્યો અને સંસારી જીવનું જ્ઞાન કરતા જ્ઞાન કરનારને જ્ઞાન નથી તેમ સુખ નથી.

શુદ્ધ સ્વભાવના જ્ઞાન કરનારને જ્ઞાન છે અને સુખ છે, માટે શુદ્ધાત્મા જ ઉપાદેય છે. ૧૫.

✻ અનેકાંત એ અમૃત છે, કારણ સત્ સ્વપણે છે ને પરપણે નથી. તેમાં સ્વનું હોવું તેમાં પરના અભાવભાવરૂપ હોવાથી સ્વની શાંતિ વેદાય છે. એ જ અમૃત છે. ૧૬.

✻ મૃતક કલેવરમાં મૂર્છાએલો એવો અમૃત આનંદ સ્વરૂપ આત્મા પોતા તરફ નજર પણ કરતો નથી. પોતા તરફ નજર કરતાં સુખરૂપ અમૃતથી ભરેલો પૂર્ણ સમુદ્ર તેને નિહાળતાં, જોતાં, અવલોકતાં, દેખતાં માનતાં અને તેમાં સ્થિર થતાં તૃપ્ત થાય તેવી ચીજ પોતે છે. ૧૭.

✻ આત્માનું જ્ઞાન સ્વ-પરપ્રકાશક હોવાથી તેના અનુભવના કાળમાં પણ તે જ્ઞાનસ્વરૂપ જ્ઞાનને પણ પ્રકાશે છે અને આનંદને પણ પ્રકાશે છે તેથી તેને નિશ્ચયથી સ્વપરપ્રકાશક કહેવાય છે. ૧૮.

✻ આ શાસ્ત્ર તો પરમાર્થસ્વરૂપ છે ને વૈરાગ્યોત્પાદક છે. સમયસાર શાસ્ત્ર તે પરમ પ્રભુ પરમાત્માને બતાવનારું ને પર તરફથી ઉદાસીન કરનારું છે. પોતાના પૂર્ણ સ્વરૂપને પ્રાપ્ત એવું જે પરમાર્થ સ્વરૂપ તેને બતાવનારું ને વિકલ્પથી ઉદાસીન કરનારું વૈરાગ્યપ્રેરક આ સમયસાર શાસ્ત્ર છે. ૧૯.

✻ એકલું જાણવું....જાણવું.....જાણવું. જ્ઞાતા....જ્ઞાતા.....જ્ઞાતા મારું સ્વરૂપ છે. હું કોઈનું કરી દઉં એવું મારું સ્વરૂપ નથી. દ્રવ્યને જોવાનું જેનું પ્રયોજન છે એવા દ્રવ્યાર્થિકનયે દ્રવ્યસ્વરૂપ તો ચિન્માત્ર—ચૈતન્યમાત્ર જ છે. ૨૦.

આત્મધર્મ
ઓગસ્ટ - ૨૦૧૩
અંક-૧૨ * વર્ષ-૭

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**